ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા.૦૧.૦૨.૨૦૧૮

---

**"સર્વાંગીણ સુખાકારી" વાળા બજેટને આવકારતા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

---

**૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરી તેમની સુખાકારી-સમૃધ્ધિ માટે ભાજપા સરકારની કટિબધ્ધતાનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે - પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**

---

**દેશના ૧૦ કરોડ પરિવારોના ૫૦ કરોડ લોકોના આરોગ્ય ખર્ચની જવાબદારી સરકારે ઉપાડી, જે દુનિયાની સૌથી મોટી હેલ્થ પ્રોટેક્શન સ્કીમ બની રહેશે**

---

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યું હતુ કે, ૨૦૧૮નું બજેટ સર્વાંગિણ સુખાકારીવાળું બજેટ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની નેતૃત્વવાળી કેન્દ્રીય સરકારના નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીએ આજે જે બજેટ રજુ કર્યું છે તે વિકાસની ગતિને ગતિશીલ બનાવશે. બજેટમાં ખેતી માટેની જોગવાઇ સરાહનીય છે. વડાપ્રધાનશ્રીએ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્યાંક હાથ ધર્યું છે તેને પરીપૂર્ણ કરવાનું પ્રતિબિંબ આ બજેટમાં દેખાઇ રહ્યું છે. જગતના તાતને આ બજેટથી ખૂબ જ મોટા ફાયદા થવાના છે અને ખેડૂત સુખી-સંપન્ન-સમૃધ્ધ બનશે. કૃષિને લગતા ઉદ્યોગમાં ઇન્કમટેક્સમાં રાહત આપવામાં આવી છે તે એક ખૂબ મોટું પગલું છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, આરોગ્ય ક્ષેત્રે નેશનલ હેલ્થ પ્રોટેક્શન સ્કીમ **"આયુષ્યમાન ભારત યોજના"** થકી ૧૦ કરોડ પરીવારો એટલે કે ૫૦ કરોડ લોકોના આરોગ્ય ખર્ચની જવાબદારી ઉપાડી વિશ્વની સૌથી મોટી હેલ્થ પોલીસી કેન્દ્ર સરકારે જાહેર કરી છે તે ઐતિહાસિક છે. નવી મેડીકલ કોલેજ, નવા હોસ્પિટલોની જાહેરાત થકી લોકોની આરોગ્ય સુખાકારીમાં ખૂબ મોટો વધારો થનાર છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ''મુદ્રા યોજના'' થકી કેન્દ્ર સરકારે લગભગ ૪ લાખ કરોડ રૂપિયાની લોન આપી છે અને સ્વરોજગારના અવસરો વધુ થયા છે. તેનો વ્યાપ વધારતા હવે ૩ લાખ કરોડની નવી લોનની ફાળવણી કરાશે અને નવા ઉદ્યોગ સાહસીકો પોતાનો રોજગાર સરળતાથી કરી શકશે. મધ્યમ અને લઘુ ઉદ્યોગોમાં ટેક્સનો દર ઘટવાથી તેમજ નવા આયોજન થકી ઉદ્યોગોને વધુ વેગ મળશે અને નવી રોજગારીની તકોનું સર્જન થશે. ૭૦ લાખ નવી રોજગારીઓના અવસર પેદા થશે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, મહિલા સશક્તિકરણની દિશામાં સરકાર આગળ વધી રહી છે. ૬ કરોડ શૌચાલયોનું નિર્માણ કરાશે અને ઉજ્જ્વલા યોજનાનો વ્યાપ વધારી ૮ કરોડ ગરીબ મહિલાઓને ગેસ કનેક્શન આપવામાં આવશે. મહિલાઓના જીવનધોરણમાં સુધારો થશે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, આ બજેટમાં શિક્ષણ પર સવિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે અને પ્રાયમરીથી ધોરણ ૧૨ સુધીના એજ્યુકેશન સીસ્ટમમાં મહત્વના સુધારા થશે. ગામડાઓને સુદ્રઢ અને સુવિધાયુક્ત તેમજ ગામડાઓમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત બનાવવા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં નવા મકાનો બનાવી લોકોના જીવનમાં સુધારો થશે. સામાજીક સમરસતા માટે અમે સામાજીક સુરક્ષા માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા પગલા ઐતિહાસિક અને સરાહનિય છે. રેલ્વે બજેટમાં પણ વધારો કરવામાં આવ્યો છે અને રેલ્વેનું માળખું વધુ સુવિધાયુક્ત બનાવવાના તમામ પ્રયાસો હાથ ધરાશે. રેલ્વેમાં વાઈ-ફાઈ અને સી.સી.ટી.વી.ની વ્યવસ્થા ઉભી કરીને પેસેન્જરની સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ થકી નવી રોજગારીની તકો ઉભી થનાર છે તેના લાભો સમાજના દરેક વર્ગો તેમજ ક્ષેત્રોને મળશે. વરિષ્ઠ નાગરિકોને રાહત આપતી જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવી છે તે આવકારદાયક છે.

આમ, આ બજેટ ખેડૂતલક્ષી, ગરીબલક્ષી, યુવાનલક્ષી, મહિલાલક્ષી, ગ્રામ્યલક્ષી, આરોગ્યલક્ષી અને વિકાસલક્ષી બજેટ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા.૦૧.૦૨.૨૦૧૮

-------------------

**"મોદી કેયર – પબ્લીક હેલ્થ ઈઝ વેલ્થ" ના મંત્ર સાથે ૫૦ કરોડ લોકોને મેડીકલ સુરક્ષા કવચ - શ્રી ભરત પંડ્યા**

-------------------

**સર્વસ્પર્શી – સર્વવ્યાપી દરેક વર્ગ-ક્ષેત્ર અને વિસ્તારને આવરી લેતું આવકારદાયક, લાભદાયક, સુખદાયક બજેટ**

-------------------

**રોજગાર વર્ધક – કિસાન હિતકારી અને મહિલા સશક્તિકરણને મહત્વ આપતા બજેટમાં ગરીબ અને મધ્યમ વર્ગની પડખે ઉભી રહેતી ભાજપા સરકાર**

-------------------

પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, ૨૦૧૮નું આમ બજેટ એ સર્વસ્પર્શી – સર્વવ્યાપી દરેક વર્ગ-ક્ષેત્ર અને વિસ્તારને આવરી લેતું લાભદાયક-સુખદાયક અને આવકારદાયક બજેટ છે. બજેટની જોગવાઈઓના કારણે દેશનું અર્થતંત્ર વેગવંતુ બનશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના **Pro-poor, Pro-farmer, Pro-employment, Pro-village** અભિગમને કારણે આજે દેશ માન-સન્માન અને ગૌરવ સાથે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય નાણામંત્રીશ્રી અરૂણ જેટલીજીને ઐતિહાસિક બજેટ માટે લાખ-લાખ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, **"મોદી કેયર – પબ્લીક હેલ્થ ઈઝ વેલ્થ"**ના મંત્ર સાથે દેશના ૫૦ કરોડ લોકોને પાંચ લાખ રૂપિયાનો વીમા કવચ આપીને સરકારે લોકોની આરોગ્ય જાળવણી અંગેની ચિંતા દૂર કરવા માટે એક ઐતિહાસિક નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે. ભાજપાની કેન્દ્ર સરકાર એ સંવેદનશીલ સરકાર છે તે પ્રતિબિંબિત થાય છે. મુદ્રા યોજના અંતર્ગત ૩ લાખ કરોડ રૂપિયાની લોન આપવામાં આવશે જેના થકી સ્વરોજગારીના નવા અવસરો પેદા થશે અને ૭૦ લાખ નવી રોજગારીઓના અવસરો પેદા કરીને સરકારે દેશના યુવાનોને રોજગારી આપવાની પોતાની કટિબધ્ધતા દર્શાવી છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી પંડ્યાએ જણાવ્યું હતુ કે, રોજગાર વર્ધક – કિસાન હિતકારી અને મહિલા સશક્તિકરણને મહત્વ આપતું બજેટ છે, ભાજપા સરકારે ફરી એક વખત ગરીબ અને મધ્યમ વર્ગની પડખે ઉભી રહેવાની પ્રતિતિ કરાવી છે. ગરીબ, ખેડૂત અને ગામડાને મહત્વ આપવામાં આવ્યું છે, ૮ કરોડ મહિલાને ગેસ કનેક્શન આપવાની વાત હોય, ૦૨ કરોડ નવા શૌચાલયના નિર્માણની વાત હોય, ૪ કરોડ પરિવારોને નવા વીજજોડાણની વાત હોય, ગ્રામ્ય વિસ્તારમાં નવા ૫૧ લાખ ઘર બનાવવાની વાત હોય, ૧૦૦ નવા સ્માર્ટ સીટી બનાવવાની વાત હોય, ૫ લાખ નવા બ્રોડબેન્ડ કનેક્શન આપવાની વાત હોય, કૃષિ ઉત્પાદનના ભાવમાં મીનીમમ સપોર્ટ પ્રાઇઝની વાત હોય, ઓપરેશન ગ્રીન અંતર્ગત ખેડૂત ઉત્પાદનને મુલ્યવર્ધીત કરવાની વાત હોય, ૭૦૦ જીલ્લાઓમાં ૨૨,૦૦૦ ગ્રામીણ ઉત્પાદન વ્યાપાર કેન્દ્રો ખોલવાની વાત હોય, સરકારે દરેક મોરચે પ્રતિબધ્ધતાથી આગળ વધી રહી છે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતુ કે, ભારતમાલા, સાગરમાલા પ્રોજેક્ટ થકી દેશનું આંતરિક પરિવહન જોડાણ મજબૂત અને ઝડપી બનશે જેથી વિકાસની ગતિ તેજ બનશે. ૩ લાખ કિલોમીટર સડકનું નિર્માણ કાર્ય, ૬૦૦ રેલ્વે સ્ટેશનોનું આધુનિકરણ, ૧૬ નવા એરપોર્ટો બનાવી પરિવહનને ઝડપી બનાવાશે.

શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યું હતુ કે, સરકારે ગામડા અને ખડૂતને સુખી-સમૃધ્ધ કરવા માટેના કરેલા નિર્ણયો અભિનંદનીય છે. આમ, દેશનું અર્થતંત્ર મજબૂત થશે. ગરીબ, ખેડૂત, ગામડું સમૃધ્ધ થશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા.૦૧.૦૨.૨૦૧૮

-------------------

**ભાજપ સરકારની નીતિ અને નિયતથી વાલી-વિદ્યાર્થીઓના હિતની જીત થઇ છે - શ્રી ભરત પંડ્યા**

-------------------

**ફી વધારનારા સંચાલકોને સાથ આપનારા કોંગ્રેસના હાથને ફટકો પડ્યો છે,**
**વાલી-વિદ્યાર્થીઓના હિતમાં કોંગ્રેસ બેમોઢાની વાત બંધ કરે - શ્રી ભરત પંડ્યા**

-------------------

**વાલી-વિદ્યાર્થીઓના હિતમાં ચૂકાદો લાવવામાં સફળતા મેળવી તે બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને ખૂબ-ખૂબ અભિનંદન**

-------------------

સુપ્રિમ કોર્ટના ફી નિયમન અંગેના ચૂકાદાને આવકારતા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, ભાજપ સરકારની નીતિ અને નિયતથી વાલી-વિદ્યાર્થીઓના હિતની જીત થઇ છે. સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર ફી નિયમન કાયદો લાવીને ભાજપ સરકારે વાલી-વિદ્યાર્થીઓના હિતમાં અનેક કાયદાકીય સંઘર્ષ કરીને પણ પોતાની મક્કમ કટિબધ્ધતા દર્શાવી હતી. જ્યારે કોંગ્રેસે વાલી-વિદ્યાર્થીઓની લાગણી વિરૂધ્ધનું પગલું ભર્યું હતું, તેમાં સીધા અને આડકતરા પ્રયાસો કરીને શાળા સંચાલકો વધુ ફી ઉઘરાવી શકે તે સંદર્ભે કોર્ટમાં કેસ લડવા માટેની બ્રીફ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓએ હાથમાં લીધી હતી. કોંગ્રેસનો હાથ એ ફી વધારવાનારા સંચાલકોના સાથમાં રહ્યો હતો એ ગુજરાતની જનતાએ સ્પષ્ટ જોયું છે અને અનુભવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વાવાળી ભાજપ સરકારે તમામ મોરચે સંઘર્ષ કરી અને સતર્કતા દાખવીને વાલી-વિદ્યાર્થીઓના હિતમાં ચૂકાદો લાવવામાં સફળતા મેળવી છે તે બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવીએ છીએ.

ફી વધારનારા સંચાલકોને સાથ આપનારા કોંગ્રસના હાથને ફટકો પડ્યો છે. કોંગ્રસ હવે અફવા, અપપ્રચાર કે ખોટા ઉશ્કેરાટ ફેલાવે નહી અને વાલી-વિદ્યાર્થીઓના હિતમાં બેમોઢાની વાત બંધ કરશે તેવી અપેક્ષા શ્રી પંડ્યાએ વ્યક્ત કરી હતી.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા વિભાગ